સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

તમે તો જૂઓ છો માં, રહીએ છીએ કેવી દશા-માં!
ન ધણી, ન ધોરી, જિંદગી અનાથ જેવી દશા-માં!
બેઠી છે દશા, માંધવારી ચેપે રિબાય છે પ્રજા -
આમ છતાં કરીએ સ્થાપન-પૂજા આ દશા-માં!

હાઈકુ

હસતે મોઢે
સ્વીકારો પરિસ્થિતિ
કરો પૂજન !

શ્રદ્ધા - વિશ્વાસે
અવ-દશામાં પણ -
ભજો દશામાં...

ચિંતન

અન્યાયોપાર્જિતં વિત્તં દશવર્ષાતિ તિષ્ઠતિ ।
પ્રાપ્તે ચૈકાદશે વર્ષે સમૂલં તદ્ વિનશ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

લક્ષ્મી ચંચળ હોય છે, પરંતુ ચોરી, જુગાર, અન્યને દગો આપીને કમાયેલું ધન પણ સ્થિર નથી રહેતું, તે જલ્દી નષ્ટ થઈ જાય છે આને માટે ચાણક્ય એ સીમા નક્કી કરી દીધી છે.

ચાણક્યના મતે અન્યાય દગો અથવા અપ્રામાણિકતાથી કમાયેલું ધન વધુમાં વધુ દસ વર્ષ સુધી રહે છે. અગિયાર મેં વર્ષે તે વધેલું ધન મૂળની સાથે નાશ પામે છે. આથી વ્યક્તિએ કયારેય અન્યાય દ્વારા ધન કમાવામાં પ્રવૃત્ત ન રહેવું જોઈએ.

અન્યાય, દગો, અનીતિ અને જુગારથી કમાયેલું ધન માત્ર દસ વર્ષ સુધી રહે છે પછી મૂળ સહિત બધું જ નષ્ટ થઈ વ્યક્તિ ધનોત-પતોન થઈ જાય છે. પ્રધાનશ્રીઓ, સચિવશ્રીઓ જાગૃત રહેવા જેવું છે. તાજુ ઉદાહરણ એન્ટિલિયા મામલામાં સચિવ વાઝેનું જ ધ્યાનમાં રાખવા જેવું છે.

સુવિચાર

- વક્ત હી નહીં લિતા દુઃખી હોને કા,
  ક્યોંકી ઉમ્મીદ હી નહીં કરતા મૈં જયાદા ખુશી કી... - **લલિત પાટીલ**
- પહેરી મહોરું 'ધરમનું',
  કરે દિવસભર પાપ... ભંડારા કરતા ફરે ને ઘરે છે ભૂખ્યા મા-બાપ - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગીને 'જોબ' નહીં, શોખ બનાવીને જીવો મજા પડી જશે - **અખંડ આનંદ**
- ભરોસો અને પ્રેમ; આ બંને એવા પારેવા છે કે,
  બેમાંથી એક ઊડી જાય તો બીજું આપોઆપ ઊડી જાય - **અમૃતબિંદુ**
- તાળીઓનાં ગડગડાટ એટલે નિંદાની શરુઆત - **જાપાની કહેવત**
- દીવો બોલતો નથી પણ પ્રકાશે છે, તેમ માણસે પણ બોલવું નહીં,
  પણ કર્તવ્ય બજાવવું જોઈએ - **જર્મી ટેલર**
- આજનું ઔષધ : સરસવના તેલમાં આદુની પેસ્ટ ઉમેરી ઉકાળી કપડાથી ગાળી આ તેલ સાંધા પર માલીશ કરવાથી દુઃખાવામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક રાજામાં અચાનક અધ્યાત્મવાદ જાગ્યો. એણે મંત્રીને બોલાવીને કહ્યું, 'હું ગૂઢમંત્રની સાધના કરવા માંગુ છું, સાંભળ્યું છે કે એ મંત્ર ખૂબ જ ફાયદાકારક છે, મારે તે માટે શું કરવું જોઈએ ?' મંત્રીએ કહ્યું 'મહારાજ, સૌ પ્રથમ તો આપે આપના ગુરુ પાસે જવું જોઈએ અને તેમણે ચીંધેલા માર્ગે જ આગળ વધવું જોઈએ.' પરંતુ રાજા થોડો જિદ્દી હતો. તેણે કહ્યું, 'પણ મેં એ મંત્ર સાંભળ્યો છે અને મને તે આવડે છે. તો પછી હું ગુરુ પાસે જઈ તેમના પગ શું કામ પખાળું ?' મંત્રીને ચૂપ જ રહેવું વાજબી લાગ્યું. રાજા મહિનાઓ સુધી એ ગુઢ મંત્રનો જાપ કરતો રહ્યો. છતાં તેને કોઈ ફાયદો થયો નહીં. તેણે ફરી વખત પેલા મંત્રીને બોલાવી સમગ્ર વાત કરી. અને મંત્ર પરિણામ કેમ આપી નહીં રહ્યો હોય એ અંગે પૃચ્છા કરી. મંત્રીએ કહ્યું, 'મહારાજ, મેં આપને પહેલાં જ કહ્યું હતું કે મંત્રને વિધિપૂર્વક ગુરુ પાસેથી મેળવ્યા બાદ જ તે પરિણામ આપે છે.' પણ રાજા હજી મંત્રી સાથે સહમત ન હતો. તે એક પછી એક તર્ક આપે જતો હતો. મંત્રીને અચાનક એક વિચાર આવ્યો તેણે સૈનિકને અચાનક હુકમ કર્યો. 'આ દુષ્ટ રાજાને હમણાં ને હમણાં કેદ કરો' આવા આદેશથી રાજા અને સૈનિક બેવ આશ્ચર્યમાં પડી ગયા. મંત્રી વારંવાર રાજાને બંદી બનાવવા આદેશ આપી રહ્યા હતા. છેવટે રાજાને ગુસ્સો આવ્યો. એણે સૈનિકને આદેશ આપ્યો. 'મંત્રીને કેદ કરો અને કોટડીમાં નાખો.' તરત સૈનિકે મંત્રીને કેદ કર્યો. એ ક્ષણે મંત્રી જોરજોરથી હસવા લાગ્યો. અને રાજાને કહ્યું, 'મહારાજ, હું શરુઆતથી જ તમને આ જ વાત સમજાવી રહ્યો હતો. મેં સૈનિકને તમને કેદ કરવાના આદેશ આપ્યા હતા. છતાં તેઓ તે હુકમ ન માન્યા. પરંતુ તમારા આદેશનો વિના વિલંબે અમલ થયો. તેવી જ રીતે તે ગુરુ દ્વારા પ્રાપ્ત થયેલા મંત્રમાં તેમની અનુભૂતિ અને અધિકારની શક્તિ હોય છે. ગુરુ તે વ્યક્તિ હોય છે જે કોઈ જ્ઞાનનો સ્વયં પ્રયોગ કરી તેમના શિષ્યને સોંપે છે. આથી જ ગુરુનું મહત્ત્વ સર્વોપરી માનવામાં આવ્યું છે.' રાજાને મંત્રીની વાત હૃદય સુધી પહોંચી.

ડૉકટરોની હડતાલ અને રાજહઠ બેઉ ગેરવ્યાજબી

તંત્રીસ્થાનેથી...

અમદાવાદની સિવિલ હોસ્પિટલથી લઈ રાજયની મોટાભાગની સરકારી હોસ્પિટલોના રેસિડેન્ટ ડૉકટરો રાજય સરકાર સામે હડતાલ પર ઊતર્યા છે. ડૉકટરોની હડતાલને રાજયના નાયબ મુખ્યમંત્રી કે જેઓ આરોગ્યમંત્રી પણ છે - એમને ધરાર ગેરવાજબી ઠરાવી છે અને એમની વાજબી માગણીઓ પરત્વે વિચારવા સરકારનું મન ખુલ્લું હોવાની રજૂઆત કરી છે. સરકારે આ ડૉકટરોને કોવિડ ડ્યૂટી કરવા બદલ 'કોરોના વોરિયર્સ' તરીકે નવાજ્યા હતા, એમની ભારોભાર પ્રશંસા કરી હતી. કેટલાક ડૉકટરો પોતે કોરોના સંક્રમણનો ભોગ બની ગયા હતા. નિયમાનુસાર તો એ ડૉકટરોને કોવિડ ડ્યૂટી માટે ફરજ પાડી શકાય નહીં, પણ સરકાર પાસે એક ધારદાર હથિયાર હતું : એપિડેમિક ઍક્ટ. આ કાયદા મુજબ રોગચાળો ફાટી નીકળે ત્યારે ડૉકટરોને ફરજ બજાવવાનો આદેશ કરી શકાય છે અને જો આ આદેશની અવગણના કરે તો એવા ડૉકટરનું લાઈસંસ રદ કરી શકાય છે. રેસિડેન્ટ ડૉકટરો એટલે હોસ્પિટલના કેમ્પસમાં રહી પોસ્ટ - ગ્રેજ્યુએશન કરી રહેલા ડૉકટરો, જે હાઉસ ફિઝિશિયન, હાઉસ સર્જન કે રજિસ્ટ્રાર જેવાં નામકરણથી ઓળખાય છે. ડૉકટરો પાસે મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ કરતી વખતે જ સરકાર એક બોન્ડ લખાવી લે છે. ગ્રામવિસ્તારોમાં સારી આરોગ્ય વ્યવસ્થા નહીં હોવાથી આવા ડૉકટરોએ ડિગ્રી પ્રાપ્ત કરવા માટે અમુક વર્ષો ફરજિયાત ગ્રામવિસ્તારોમાં સેવા આપવી પડે છે. જો એ આવી સેવાઓ આપવા સહમત ન હોય તો એક નક્કી કરેલી રકમ એણે સરકારને ચૂકવવી પડે છે. સંપન્ન પરિવારોમાંથી આવતા મોટા ભાગના ડૉકટરોની માનસિકતા શહેરલક્ષી હોય છે. એટલે એ બોન્ડનાં નાણાં ચૂકવી દઈને ગ્રામ વિસ્તારમાં સેવાઓ આપવાનું ટાળતા હોય છે. કોવિડ ડયૂટી બજાવવા તૈયાર થનાર ડૉકટરોનાં બોન્ડ માફ કરી દેવાનું વચન આપી સરકરે રેસિડેન્ટ ડૉકટરોની વિશાળ ફોજને કોરોનાકાળ દરમિયાન જીવન જોખમે સેવાઓ આપવા સહમત કર્યા હતા. જેટલા દિવસ સેવાઓ આપે એથી બમણાં દિવસો માટે રાહત આપવાનું વચન આપી ચૂકેલી સરકારે રાજયમાંથી કોરોના સંક્રમણ ઓછું થઈ જતાં ૧ ઓગસ્ટ પછી રાહત આપવા નન્નો ભણી દીધો છે જેથી ડૉકટરો વીફર્યા છે. આ તો સીધો હિસાબ હતો : સંક્રમણ ચાલુ રહ્યું હોત તો સરકાર એના વચનને અનુસરવાની હતી. હવે જયારે કોવિડ હોસ્પિટલો જ બંધ કરી દેવાઈ છે ત્યારે ડૉકટરોને કોવિડ-ફરજ બજાવવાની તો રહેતી નથી. આમ સરકાર એના વચનનું ખોટું અર્થઘટન નથી કરતી પણ ડૉકટરો ઝનૂને ચડ્યા છે. સરકાર પાસે એમને સીધા કરવા માટે એપિડેમિક એક્ટ વાળું હાથવગું હથિયાર છે જ. ચોમાસું તો બીમારીઓની જ ઋતુ છે. મેલેરિયા અને કૉલેરા જેવા રોગો પણ એપિડેમિકની વ્યાખ્યામાં આવી જતા હોઈ સરકાર આવા ડૉકટરોને ગ્રામવિસ્તારોમાં પણ ફરજ બજાવવા આદેશ કરી શકે છે. મૂળે ડૉકટરોને ગ્રામ વિસ્તારોની નોકરી સામે જ વાંધો છે. આવો વાંધો લોકશાહીના નામે ના ચલાવી લેવો જોઈએ. ડૉકટર થયા છો તો તમારે શહેર અને ગામડા વચ્ચે વહેરા-વંચા રાખ્યા વગર સરકાર કહે ત્યાં જવું પડશે. સરકાર તમને ડૉકટર થવા માટે કરોડોનું ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડે છે. મેડિકલ કૉલેજો સફેદ હાથીની જેમ સરકારની ગ્રાન્ટો આરોગતી રહે છે. નાગરિક તરીકેની ફરજમાં આવી અનિવાર્ય ફરજો સંદર્ભે કોઈ સમાધાન ન હોવું જોઈએ. બોન્ડની રકમ ભરી દઈને એમાંથી મુક્તિ મેળવવાનો વિકલ્પ પણ સરકારે એકી ઝાટકે રદ કરી દેવો જોઈએ. બીજી તરફ સરકારે ડૉકટરોને સમ્માનપૂર્વક એમની સેવાઓની કદર સ્વરુપે યોગ્ય મહેનતાણું અને ઈન્સેન્ટિવ આપવાં જોઈએ. શહેરી અને ગ્રામીણ પ્રદેશોમાંથી આવતા ડૉકટરો અને સંપન્ન કે ગરીબ પૃષ્ટભૂમિના ડૉકટરો વચ્ચે કોઈ ભેદભાવ ન રાખવો જોઈએ. સરકાર આ મુદ્દે ગંભીર વિચારણા કરી કાયદો સુધારવાની જરૂર છે. રાજહઠ અને તબીબ હઠ - બેઉ ટીકાને પાત્ર છે.

શિવજીમાં આપણી સાચી શ્રદ્ધા હોવી જોઈએ...

નવાં કલેવર
નટવર હેડાઉ

શિવશંકર ભાઈ શ્રાવણ માસ આવતાં જ ખુબ ખુશ થઈ જતા. હર... હર... મહાદેવના નાદ સાથે વહેલા જાગી જઈ પ્રાતઃક્રિયા પતાવી બગીતા તરફ નીકળી પડતા. તે વખતે મોર્નિંગ વૉકમાં બીજા પણ તેના સમવયસ્કો આવતા. તેમની સાથે બગીચાના વોક વે પર ચાલતાં ચાલતાં નગરની નવાજૂની, રાજકારણ, રમતગમત અને સાહિત્યની ચર્ચા સાથે ધાર્મિકવૃત્તિના મહાનુભાવો ભક્તિભાવની, ચમત્કારોની,

આસ્થા અને અંધવિશ્વાસ વચ્ચે રહેલી ભેદરેખાની વાતોમાં સંવાદ સાથે ઘણી વખત વિવાદ પણ છેડી દેતા. ત્યારે સામસામે થતી દલીલો તો એવી હતી કે તેનો કોઈ અંત જ ન હોય, પરંતુ કયારેક વાદળ છાયું વાતાવરણ હોય તેમાં સૂરજ તેના કોમળ રુપેરી કિરણો વિખેરવા લાગતા સૌને સમયનું ભાન થતું અને દિવસભરની દોડધામ તેમજ બાકીના કામો નિપટાવવાનાં હોઈ બધા એ બાબતે એકમત થઈ પૂજા માટેના ફૂલો, બીલીપત્ર અને ધરો ચૂંટવા અને ઘરે લઈ જઈ પૂજા કરવા તત્પર થતા.

બગીચો ઘણો મોટો હતો. શ્રાવણના સરવડાંની ભીંજાયેલ વૃક્ષો અને છોડવાઓને રોનક આંખને ઠારે તેવી હતી. મોર્નિંગ વૉક કરવા માટે બનાવેલા ફૂટપાથને કિનારે ઘણીવાર વૃક્ષોની લાઈન હતી. ફૂલના છોડવાઓ ઉપર પણ ઝૂમખાં લટકેલ જોવા મળતાં હતાં. સવારની હવાની ઠંડકથી ફરવાની બહુ મજા આવતી હતી. તેથી બગીચામાં સેંકડો લોકો ફરવા આવતા હતા. કસરત કરતા, યોગ કરતા, વાતો કરતા અને જતી વખતે પૂજા માટે થેલી ભરીને ફૂલો અને બીલીપત્ર અને ધરો કાયમ લઈ જતા. આવું વર્ષો સુધી ચાલતું રહ્યું.

પ્રકૃતિનું દોહન છેવટે ક્યાં સુધી ચાલી શકે ? હવે એક દિવસ એવો આવ્યો કે આ બધી ચીજો ખૂટી પડી. બગીચો વેરાન લાગવા માંડ્યો. ભક્ત ગણોને હવે ફરીને જ સંતોષ લેવો પડતો હતો.

શિવશંકરભાઈને વિચાર આવ્યો. આમ પણ ચોમાસુંઆ વખતે મોડું હતું. વરસાદ સવાર-સાંજ જાણે હમણાં તૂટી પડશે તેવું વાતાવરણ થઈ જતું હતું. પણ થોડા છાટાં નાંખીને તે પણ માનવની કસોટી કરતો હતો. શિવશંકરભાઈ વોકિંગમાંથી સીધા નર્સરી (રોપ ઉછેર કેન્દ્ર) ખાતે પહોંચ્યા. વન મહોત્સવના રોપાનું વિતરણ થતું હતું. તે પણ બીલીનો છોડ લઈ આવ્યા. અને ઘરના સામે લોનના ખૂણામાં રોપી દીધો. બે ત્રણ વર્ષમાં તો છોડ વૃક્ષનું રુપ ધારણ કરી લીધું. હવે તે તેમના બંગલાની કંપાઉન્ડ વોલની બહાર પોતાના ડાળીઓને વિસ્તારવા લાગ્યું. લોકોને તો આ જોઈ મજા પડી. બહારની તરફ નમી પડેલ ડાળીઓ પરથી બીલીપત્ર લઈ જવાની હિંમત કરવા લાગ્યા.

શિવશંકરભાઈને આ જોઈ ખુબ ગુસ્સો આવ્યો. હવે તે સવાર સવારમાં મોર્નિંગ વૉકમાં જવાને બદલે પોતાના બીલીના છોડની ચોકીદારી કરી સામે જ બેસી રહેવા લાગ્યા. તેમને વિચાર આવવા લાગતા કે જો આમને આમ ચાલતું રહેશે તો બગીચાના ઝાડોની જેમ તેમનું બીલીવૃક્ષ પણ એક દિવસ ઠૂંઠામાં ફેરવાઈ જશે. તે ખુબ બેચેન રહેવા લાગ્યા. તેમની સવાર હવે તો પહેરેદારીમાં જ વીતવા લાગી. બીલીના પાન તોડનાર પર વાક્ પ્રહાર કરવાનું તે સહેજેય ચૂકતા ન હતા. ઘણી વખત તો જોખી જોખીને આપતા હોય એમ લાગે. આ રીતે તેમનો સ્વભાવ પણ હવે ખૂબ ચીડીયો થવા લાગ્યો હતો. તે પોતે પણ ખુબ જ કંજુસાઈપૂર્વક માંડ પાંચ બીલીપત્રો તોડતા અને પૂજામાં શિવલિંગ ઉપર ચડાવતા.

બગીચામાંથી રોજ એક સો એક બીલીપત્ર લાવી ઘરની પૂજામાં અર્પણ કરવાનો નિયમ હવે તેમના મગજમાંથી જતો રહ્યો હતો.

શિવજીમાં આપણી સાચી શ્રદ્ધા હોવી જોઈએ. એમ હવે તે બધાને સમજાવવા લાગ્યા હતા.

સ્નેહીજનમાં રહેલી સંભાવનાઓને ઓળખીને ખિલાવવા માટે પ્રેરણા આપીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

એક ઉચ્ચ દરજ્જાનાં સંગીતકાર મોહમ્મદ ઝહૂર ખયામનાં (૧૯૨૭-૨૦૨૯) સંગીત ગુરુ હતા ગુલામ અહમદ ચિશ્તી. (૧૯૦૫-૧૯૯૪) તેઓ બાબા ચિશ્તીના નામથી પ્રચલિત હતા. જલંધરમાં જન્મેલા ખયામ સાહેબને બચપણથી જ ફિલ્મોમાં અભિનય કરવાનું ભૂત સવાર થયું હતું. તેઓ પોતાનું નસીબ અજમાવવા માટે પહેલા દિલ્હી ગયા અને પછી ત્યાંથી લાહોર ગયા. એ સમયે એક સારા અભિનેતા બનવા માટે સારા ગાયક હોવું પણ જરૂરી હતું ખયામજીને ગાયન અને સંગીત પ્રત્યે રુચિ પણ હતી અને લગાવ પણ હતો એટલે શાસ્ત્રીય ઢબે સંગીત શીખવા માટે તેઓ પોતાનાં ગુરુની શોધ કરતાં હતા. એ સમયે લાહોર ફિલ્મ ઉધોગમાં બાબા ચિશ્તીનું સંગીતકાર તરીકે મોટું નામ હતું.

એક દિવસ ખયામ સાહેબ બાબા ચિશ્તીને મળવા માટે તેમને ત્યાં ગયા. એ સમયે બાબા પોતાનાં સંગીતજ્ઞો સાથે એક ધૂન ઉપર કામ કરી રહ્યા હતા એટલે કોઈને મળ્યા કે પૂછ્યા વિના ખયામજી ચૂપચાપ એક ખૂણામાં બેસીને બાબા ચિશ્તી અને સંગીતજ્ઞોનો રિયાજ સાંભળતા રહ્યા. થોડો સમય વિત્યો અને બાબા ચિશ્તી કોઈ એક તર્જનાં મ્યુઝીકલ નોટસ ભૂલી ગયા. તેમણે પોતાનાં સંગીતજ્ઞાને પૂછ્યું કે થોડા સમય પહેલા જે તર્જ વગાડી તેનો કોઈને નોટ્સ યાદ હોય તો કહો. કમનસીબે કોઈ જ સંગીતજ્ઞોને એ નોટ્સ યાદ ન હતા. એ જાણીને બાબા ચિશ્તી નિરાશ થઈ ગયા. એ સમયે એક ખૂણામાં બેઠેલા અને કલાકોથી બાબા ચિશ્તી અને તેમનાં સંગીતજ્ઞોનો રિયાઝ સાંભળી રહેલા ખયામજીએ વિવેકથી કહ્યું કે બાબા, મને એ તર્જનાં નોટ્સ યાદ છે. આપ કહો તો ગાઈને સંભળાવું.

એક અજાણ્યા યુવકને પોતાનાં સંગીત સ્ટુડીઓમાં વગર પરવાનગીએ બેઠેલા જોઈને પ્રથમ તો બાબા ચિશ્તીને ગુસ્સો આવ્યો. પછી તેમને થયું કે ચાલ, જોઈએ કે તેમને કેટલા નોટ્સ કઈ રીતે યાદ છે. બાબાએ ખયામજીને નોટ્સ સંભાળવવા માટે કહ્યું. બાબા ચિશ્તી અને સૌ સંગીતજ્ઞોનાં સાનંદશ્ચર્ય વચ્ચે ખયામજીએ હૂબહૂ એ નોટ્સ ગાઈને સંભળાવ્યા. ખયામજીની ગાયકી, તેમની યાદશકિત અને સંગીત પ્રત્યેનાં જ્ઞાનથી બાબા ખુશ થયા. ખયામજીએ બાબાને કહ્યું કે પોતે સંગીત શીખવા માટે જ બાબા પાસે આવ્યા છે અને બાબાને વિનંતી કરી કે તેઓ પોતાને શાગિર્દ બનાવે. બાબા ચિશ્તીએ ખયામમાં પડેલી એક સંગીતકાર તરીકેની વિશાળ સંભાવનાઓને ઓળખી લીધી હતી તરત જ તેમને પોતાના શાગિર્દ બનાવી દીધા.

ત્યાર પછીનો ખયામ સાહેબનો ઈતિહાસ આપણાં કોઈથી અજાણ નથી. ખયામ સાહેબે સંગીતકાર તરીકે અનેક સીમાચિહ્ન સિધ્ધ કર્યા.

આપણાં સ્નેહી સંબંધી, મિત્રો અને કુટુંબીજનો દરેક વ્યક્તિમાં કોઈને કોઈ પ્રકારની શક્તિઓની સંભાવનાઓ પડેલી જ હોય છે. જરૂર હોય છે તેને ઓળખીને એક તક આપવાની. જ્યારે જ્યારે આપણને વ્યકિતમાં પડેલી સંભાવનાઓને તપાસવાનો કે ઓળખવાની તક મળે ત્યારે બાબા ચિશ્તીની જેમ એ તકને ઝડપી લઈએ તો એ વ્યક્તિમાં પડેલી સંભાવનાની ક્ષિતીજો ખૂલી જાય. બાબા ચિશ્તીએ એ સમયે પોતાનાથી અજાણ્યા યુવાન ખયામજીમાં પડેલી સંભાવનાઓને ઓળખવાની તક ઝડપી લીધી પરિણામ એ આવ્યું કે બંનેના સંબંધો તો ગુરુ-શિષ્ય જેવા બની ગયા સાથે સાથે ખયામજીમાં પડેલો એક સંગીતજ્ઞ તરીકેની ક્ષિતિજો ખૂલી ગઈ અને તેને ખીલવા માટે આકાશ મળી ગયું.

આપણાં સ્નેહીજનમાં રહેલી કોઈપણ પ્રકારની શક્તિઓની સંભાવનાઓને ઓળખી જઈએ પછી એવું જરૂરી નથી કે એ વ્યક્તિ ખયામ સાહેબ જેવી જ પ્રતિભાશાળી હોય અને આપણે બાબા ચિશ્તી જેવા ગુરુજન હોઈએ. આપણે તેમની શકિતોને ખીલવવા માટે કોઈપણ પ્રકારની મદદ શકીએ, તેમને માર્ગદર્શન આપી શકીએ, તેમને સાથ-સહકાર આપી શકીએ અને કઈ નહીં તો છેવટે તેમની શક્તિઓને ખિલાવવા માટે આપણે તેમણે પ્રેરણા અને પ્રોત્સાહન આપીને આપણે આપણું યોગદાન આપી શકીએ.

એક અજાણ્યો યુવક પોતાનાં સંગીત સ્ટુડિઓમાં પરવાનગી વિના ઘૂસી આવ્યો હતો અને કલાકોથી તે રિયાઝનું નિરીક્ષણ કરી રહ્યો હતો એટલે બાબા ચિશ્તીએ ધાર્યું હોત તો ખયામજીને હડધૂધ કરીને કાઢી મૂકી શક્યા હોત અથવા તો તેમનું હળાહળ અપમાન કરી શક્યા હોત. પણ ના, બાબાએ એવું કશું જ ન કર્યું પણ તેને બદલે હકારાત્મક અભિગમ અપનાવ્યો, બાબાએ નવોદિત યુવાનને સાંભળ્યો, બાબાએ તેમની વાત ઉપર ધ્યાન આપ્યું અને તેમને એક તક આપી. ખયામજી જ્યારે મ્યુઝીકલ નોટ્સમાં ખરા ઉતર્યા ત્યારે તેમને બિરદાવ્યા પણ ખરા. બાબા ચિશ્તી માત્ર પ્રશંશા કરીને અટકી ન ગયા પણ જે હેતુથી ખયામ સાહેબ આવ્યા હતા એ હેતુ વિષે જાણ્યું અને છેવટે તેમને પોતાના શિષ્ય તરીકે સ્વીકારી પણ લીધા. ખયામ સાહેબની અંદર રહેલી શકિતઓને ખીલવવાની તમામ પ્રકિયામાં બાબા ચિશ્તી ખરા ઉતર્યા પરિણામે તેમને એક હોનહાર શિષ્ય મળ્યો, ખયામ સાહેબને એક હોનહાર ગુરુ મળ્યા અને સંગીતની દુનિયાને એક હોનહાર સંગીતકાર મળ્યા.

આપણને પણ ક્યારેક ને ક્યારેક શક્ય છે બાબા ચિશ્તી જેવી તક મળતી રહેતી હોય છે. એ તકને ઝડપી લઈએ. આ સમગ્ર પ્રકિયાનો અંતિમ મુકામ હોય છે વ્યક્તિ- વ્યકિત વચ્ચેનાં સંબંધો. જે વ્યકિતમાં શકિતઓ ખીલવાની સંભાવતા હોય એ વ્યકિત અને તેને ખિલાવવા ને વિકસાવવા જે વ્યકિત પોતાનું કોઈપણ રીતે યોગદાન આપે એ વ્યકિત – એ બંને વચ્ચે જે પ્રકારનાં સંબંધો વિકાસ પામે છે તે વિશેષ મહત્વના બની જતાં હોય છે. એ સંબંધો શ્રેષ્ઠતા પ્રાપ્ત કરતાં હોય છે અને એ સંબંધો દિવ્ય બની જતાં હોય છે.

અતુલ કુલકર્ણી : કડક, દમદાર અભિનેતા

મન-રંજન
દ્વનિલ પારેખ

ગઈ સદીના અંતિમ વર્ષોમાં ગુજરાતીમાં એક નાટકની બધી ચર્ચા થઈ હતી, 'ગાંધી વિરુદ્ધ ગાંધી.' ગાંધીજી અને એમના દીકરા હરિલાલ વચ્ચેના સંઘર્ષની વાત એમાં કેન્દ્રસ્થાને હતી. આ નાટકમાં ગાંધીની ભૂમિકા મરાઠી અભિનેતા અતુલ કુલકર્ણીએ ભજવી હતી. મધુર ભંડારકર દિગ્દર્શિત ફિલ્મ 'ચાંદની બાર' માં અતુલ કુલકર્ણીએ પછી દેખા દીધી. આ ફિલ્મ દ્વારા અતુલ કુલકર્ણીએ બોલીવુડમાં અધિકૃત રીતે પોતાનો સિક્કો જમાવ્યો. એ પછી મધુર ભંડારકરની 'સત્તા' સહિત ઘણી ફિલ્મોમાં અતુલ કુલકર્ણીએ દમદાર ભૂમિકાઓ ભજવી. રાજકારણને કેન્દ્રમાં રાખીને બનેલી આ ફિલ્મમાં ખંધા રાજકારણી તરીકે અતુલ કુલકર્ણીએ સરસ અભિનય કર્યો હતો.

હમણાં વેબસિરીઝના જમાનો ચાલે છે. હોટ સ્ટાર પર થોડા વખત પહેલાં 'સિટી ઓફ ડ્રિમ્ઝ' સિઝન-૨ આવી હતી. સીઝન-૧, ૨ બંનેમાં અતુલ કુલકર્ણી મુખ્ય અભિનેતા છે અને સાથે મરાઠી અભિનેત્રી પ્રિયા બાવટ પણ મુખ્ય ભૂમિકામાં છે. અમેયરાજ ગાયકવાડની ભૂમિકા જે રીતે અતુલ કુલકર્ણીએ ભજવી છે, એ કદાચ એની અત્યાર સુધીની ઉત્તમ ભૂમિકાઓમાંની એક હશે આમ તો વૂટ પર આવેલી 'રાયકર કેસ' સિરિઝમાં પણ અતુલ કુલકર્ણી રામકર કુટુંબના ખંધા મોભી તરીકે ભૂમિકા ભજવી હતી. ખંધા રાજકારણીની ભૂમિકા



અતુલ કુલકર્ણીને વધારે માફક આવે છે એવું લાગે છે.

'સિટી ઓફ ડ્રિમ્ઝ' સિઝન-૧ના પ્રથમ એપિસોડમાં અમેયરાજ ગાયકવાડ પર ગોળી છોડીને હત્યા કરવાનો પ્રયાસ થાય છે. અમેયરાજ પોતાના દીકરા આશિષને પોતાનો વારસદાર બનાવવા માગે છે પણ દીકરી પૂર્ણિમા વધારે કાબેલ છે અને એ બાપ સામે પડે છે અને મહારાષ્ટ્રની મુખ્યમંત્રી બને છે. સીઝન-૨માં બાપ-દીકરી વચ્ચેનો સંઘર્ષ કેન્દ્ર સ્થાને છે. અમેયરાજ ગાયકવાડ મુખ્યમંત્રી બનેલી પોતાની દીકરીની સત્તા અને સુધ્ધાં ખતમ કરવા માટેના તમામ પૈંતરા રચે છે. સામે દીકરી પણ એવી જ ટક્કર આપે છે. સામે દીકરી પણ એવી જ ટક્કર આપે છે. પૂર્ણિમા ગાયકવાડ તરીકે પ્રિયા બાવટનો સંતુલિત અભિનય પણ આ સિરીઝ-૨માં વ્હીલચેરમાં બેઠા બેઠા અતુલ કુલકર્ણી એક રાજકારણમાં રહેલી સમગ્ર ખંધાઈ જે રીતે પ્રગટ કરે છે, એ યાદગાર છે. આ દમદાર અભિનેતા છે એની પ્રતીતિ પ્રત્યેક દૃશ્યમાંથી થાય છે. હાથની સંયમિત મુદ્રાઓ હોય, મૂછને અમુક રીતે જ વળ ચડાવવાનો હોય, માથું હલાવીને કોઈ બાબતમાં સંમતિ આપવાની હોય, માત્ર આંખ દ્વારા જ પોતાની કરડાકી પ્રગટ કરવી કે કાતિલ સ્મિત દ્વારા પોતાનામાં રહેલું ખુનીસ પ્રગટાવવાનું હોય - અતુલ કુલકર્ણી એકદમ બખૂબી પોતાની ભૂમિકા ભજવે છે. સીઝન-૨ને અતુલ કુલકર્તી પોતાના કડક, દમદાર અભિનેતા દ્વારા ફરી એકવાર યાદગાર બનાવે છે. રાજકારણમાં આંતરસંબંધો કેટલા જટિલ હોય છે. એ જોવામાં અને નાગેશ કુકુનરના દિગ્દર્શનની કમાલ જોવી હોય તો 'સિટી ઓફ ડ્રીમ્ઝ' જોવા જેવી છે.

મહામારીએ શિક્ષણની ગુણવત્તાને જબરી હાનિ કરી છે!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોણ જાણે ક્યાંથી આવ્યો આ કાળમુખો કોરોના વાઈરસ કે જેના લીધે છેલ્લા દોઢ વર્ષમાં વિશ્વ આખુ દુઃખી દુઃખી થઈ ગયું છે અને હજી ત્રીજી લહેર આવવાની શક્યાત જોવાઈ રહી છે. વિકસિત દેશોમાં હજી આ વાઈરસની પ્રબળતા ઘટી નથી અને ભારતમાં ખાસ કરીને દક્ષિણના રાજયોમાં પણ કહેર હજી ચાલું છે! સમય જતા વાઈરસ કમજોર થવો જ જોઈએ પણ આ વાઈરસ મ્યુટેટ થાય છે. અર્થાત્ સ્વયંના અસ્તિત્વને ટકાવવા જાતનું પરિવર્તન કરી રહ્યો છે તો આ કાળનું નવું રુપ જ કહી શકાય કારણ કે નાશ થવા કંઈક તો નિમિત્ત જોઈએ એ ક્રમ છે. કુદરતી કંઈ નથી પણ દુર્મતિની પ્રેરણા થઈ એ પણ સમયની જ ચાલ લાગે છે. સમય કપરો ચાલી રહ્યો છે અને નક્કી છે. સરકાર લોકોના હિત અને આરોગ્ય, ઉદ્યમ, શિક્ષણ વગેરે માટે ઘણા પ્રયાસો કરે છે પરંતુ આ મહામારી બહુ જ કરુણ સ્થિતિનું સર્જન કરવા જાણે પ્રતિબદ્ધ હોય તેવું લાગી રહ્યું છે. ૨૦૨૦ની શરુઆતમાં જ આ વાઈરસ વિશે જાણકારી મળી પછી તુર્ત જ લોકડાઉન પણ આવ્યું અને સૌ ઘરમાં પુરાઈ રહેવા મજબુર થયા પરંતુ આ હકીકત ને બાળકો અને તેના શિક્ષણના પાસા સામે દૃષ્ટિ કરીએ તો ખબર પડશે કે કેવી ખરાબ દશા થઈ ચૂકી છે !!

જયંત પાઠકનો શેર બંધ બેસતો છે.
મૃત્યુથી યે આ અનુભવ આકરો
જીવું ને લાગે જીવ્યા જેવું નહિ !!

જે નાના બાળકોને સ્કૂલે ભણવા મોકલતાં હતાં તેને મોબાઈલથી દૂર રાઓખવાની કાળજી લેતા માતાપિતા હવે તેઓને ઓનલાઈન ભણાવવા આ મોબાઈલ આપે તે વિના કોઈ આરો નથી. મોબાઈલ આપ્યા પછી તેની ઉપર ચાંપતી નજર રાખવાની કાળજી લેવા સમય નથી ઉપરાંત નાના બાળકો દોઢ વર્ષથી ઘરમાં ને ઘરમાં કેદમાં સજા ભોગવતા હ